# માહિતી (મેળવવાનો) અધિકાર
# અધિનિયમ - ૨૦૦૫ ની કલમ ૪ (૧) અન્વયે
# : પ્રોએકટીવ ડિસ્કલોઝર :

**અમદાવાદ જનમાર્ગ લી.**

(અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ૧૦૦% અનુદાનથી સંચાલીત
કંપની એકટ, ૧૯૫૬ એકટ હેઠળ સ્થાપના કરવામાં આવેલ એકમ)


**-: રજીસ્ટર્ડ ઓફિસ :-**

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન,
ઝોનલ કચેરી, ગ્રાઉન્ડ ફ્લોર, ડો. રમણભાઈ પટેલ ભવન,
ઉસ્માનપુરા, અમદાવાદ - ૩૮૦ ૦૧૩.
ફોન નં.૨૭૫૫૧૮૬૧, ૨૭૫૫૦૫૮૪, ૨૭૫૫૨૦૪૭(એક્ષ્ટેન્શન-૨૦૩),

Website: www.ahmedabadbrts.org

# અમદાવાદ જનમાર્ગ લી.


| ક્રમ | પ્રકરણ નં. | પ્રકરણની વિગત | પાના નં. |
|---|---|---|---|
| ૧ | ૧ | વ્યવસ્થાતંત્ર, કાર્યો અને ફરજો | ૪ થી ૧૦ |
| ૨ | ૨ | અધિકારીઓ અને કર્મચારીઓની સત્તાઓ અને ફરજો | ૧૧ |
| ૩ | ૩ | નિર્ણય લેવાની પ્રક્રિયામાં અનુસરવાની કાર્ય પધ્ધિતિ | ૧૨ |
| ૪ | ૪ અને ૫ | કાર્યો બજાવવા નકકી કરેલા ધોરણો તથા કાર્યો બજાવવા માટેના નિયમો, સંગ્રહ, દફતરો | ૧૩ |
| ૫ | ૬ | સંગઠનના નિયંત્રણ હેઠળની વ્યકિતઓ પાસેના દસ્તાવેજોના વર્ગોનું પત્રક | ૧૪ |
| ૬ | ૭ | નીતિ ઘડતર અથવા નીતિના અમલ સંબંધમાં જનતાના સભ્યો સાથે પરામર્શ | ૧૫ |
| ૭ | ૮ | વ્યવસ્થા તંત્રના ભાગ તરીકે અથવા સલાહના હેતુ માટે બે કે તેથી વધુ વ્યકિતઓના બનેલા બોર્ડ કે સમિતિની નોંધ બાબત | ૧૬ |
| ૮ | ૯ અને ૧૦ | અધિકારી અને કર્મચારીઓની માહિતી પુસ્તિકા અને તેમને વિનયોમાં જોગવાઈ કર્યા પ્રમાણે મળતું માસિક વળતર | ૧૭ થી ૧૮ |
| ૯ | ૧૧ | વ્યવસ્થાતંત્રને ફાળવેલ અંદાજપત્ર | ૧૯ |
| ૧૦ | ૧૨ અને ૧૩ | આર્થિક સહાય બાબત, આપેલ છુટછાટો, પરવાનગીઓ અથવા અધિકૃતિઓ મેળવનારાની વિગતો | ૨૦ |
| ૧૧ | ૧૪ અને ૧૫ | ઈલેકટ્રોનીક સ્વરૂપે માહિતી, ગ્રંથાલય, વાંચનાલય | ૨૧ |
| ૧૨ | ૧૬ | જાહેર માહિતી અધિકારીઓના નામ, હોદ્દા, ફોન | ૨૨ |
| ૧૩ | ૧૭ | માહિતી મેળવવા માટે નાગરીકોને ઉપલબ્ધ સવલતોની વિગતો | ૨૩ |

## : પ્રસ્તાવના :

ભારત સરકારે રાઈટ ટુ ઈન્ફર્મેશન એકટ-૨૦૦૫ (માહીતી મેળવવાનો અધિકાર-૨૦૦૫) પસાર કરેલ છે.જે અનુસંધાને પ્રત્યેક જાહેર સત્તા મંડળના કામકાજમાં પારદર્શિતા અને જવાબદારીને ઉત્તેજન આપવાના હેતુથી જાહેર સત્તા મંડળના નિયંત્રણ હેઠળની માહીતી નાગરીકો મેળવી શકે તેવો હેતુ ઉપરોકત કાયદાનો રહેલ છે. આ પુસ્તિકાનો ઉદ્દેશ લોકશાહીમાં નાગરીકોને આ કચેરી દ્વારા થતી કામગીરી તેમજ તેઓને જરૂરી માહિતી સરળતાથી પ્રાપ્ત થાય તેમજ આ વિભાગ દ્વારા કઈ-કઈ અને કેવા પ્રકારની કામગીરી થાય છે તે જણાવવાનો છે.આ પુસ્તિકા તમામ વ્યકિતઓ, સરકારી / ખાનગી સંસ્થાઓને આ કચેરી દ્વારા કરવામાં આવતી કામગીરી અધિકારીઓ /કર્મચારીઓની સત્તા, ફરજો વિગેરે માહિતી માટે ઉપયોગી થશે. લોકશાહીમાં નાગરીકોને સરકારી કામકાજથી માહિતગાર રાખવા અને તેની કામગીરીની પારદર્શિતા માટે જરૂરી છે તથા ભ્રષ્ટાચારને નિયંત્રણમાં રાખવા તેમજ સરકારો અને તેના માધ્યમો પ્રજાને જવાબદાર રહે તે પણ જરૂરી છે.

માહિતી એટલે રેકર્ડ, દસ્તાવેજો, મેમો, ઈ-મેઈલ, અભિપ્રાયો, સલાહ, અખબારી યાદી, પરિપત્રો, હુકમો,લોગબુક, કરારો, અહેવાલો, કાગળો, નમૂના, મોડલ્સ, કોઈ ઈલેકટ્રોનિક સ્વરૂપમાં માહિતી સામગ્રી અને જે તે સમયે અમલમાં હોય તેવા કોઈ કાયદા હેઠળ કોઈ જાહેર સત્તામંડળ મેળવી શકે તેવી કોઈ ખાનગી મંડળને લગતી માહિતી સહિતની કોઈપણ સ્વરૂપમાં કોઈપણ સામગ્રી.

# અમદાવાદ જનમાર્ગ લી.

## ૧. વ્યવસ્થાતંત્ર, કાર્યો અને ફરજો

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન ધ્વારા બી.આર.ટી.એસ. પ્રોજેકટના સંચાલન અર્થે "*Special Purpose Vehicle*" તરીકે ભારતીય કંપનીઝ એકટ-૧૯૫૬ હેઠળ અમદાવાદ જનમાર્ગ લી. ની સ્થાપના કરવામાં આવેલ છે. આ કંપની અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની ૧૦૦% હિસ્સેદારી ધરાવતું ઉપક્રમ છે. બી.આર.ટી.એસ. પ્રોજેકટ અંતર્ગત શહેરીજનોની વાહનવ્યવહારની ઉપયોગિતા સરળ,પ્રદૂષણરહિત, ઝડપી, આધુનિક બનાવવાની તેમજ બી.આર.ટી.એસ.ની બસોના લેનની જાળવણી, મુસાફરી દર, સ્ટેશનની તેમજ બસની સુવિધા, પબ્લીક ઇન્ફોર્મેશન સીસ્ટમ તેમજ બીઆરટીએસ સ્ટેશન અને કોરીડોરમાં એડવર્ટાઇઝીગની વ્યવસ્થાને લગતી કામગીરી કરવામાં આવે છે.

- **અમદાવાદ બી.આર.ટી.એસ. પ્રોજેકટને મળેલ એવોર્ડની વિગતો નીચે મુજબ છે.**

(૧) ભારતના માનનીય વડાપ્રધાનશ્રીના હસ્તે જેએનએનયુઆરએમ હેઠળ તા.૦૩-૧૨-૦૯ ના રોજ અમદાવાદ જનમાર્ગ લી-બીઆરટીએસને "***BEST MASS RAPID TRANSIT SYSTEM***" નેશનલ કક્ષાએ એવોર્ડ મળેલ છે.

(૨) તા. ૧૨-૦૧-૨૦૧૦ના રોજ જનમાર્ગ - બીઆરટીએસને ***"2010 Sustainable Transport Award"*** આંતરરાષ્ટ્રીય વિજેતા તરીકે વોશિંગ્ટન ખાતે યોજાયેલ યુ.એસ. સરકારના ટ્રાન્સપોર્ટ રિસર્ચ બોર્ડની વાર્ષિક કોન્ફરન્સ દરમ્યાન એવોર્ડ એનાયત કરવામાં આવેલ.

(૩) આંતરરાષ્ટ્રીય ટ્રાન્સપોર્ટ ક્ષેત્રે નામનાં ધરાવતી સંસ્થા ઇન્ટરનેશનલ ટ્રાન્સપોર્ટ ફોરમ અને ઇન્ટરનેશનલ એસોસિએશન ઓફ પબ્લિક ટ્રાન્સપોર્ટ દ્વારા તા. ૨૭-૦૫-૨૦૧૦ ના રોજ અમદાવાદ જનમાર્ગ લી.ને ***"Outstanding Innovation in Public Transport"*** નો એવોર્ડ મળેલ છે.

(૪) **"*Best New Innovation Project Towards improvement in Urban Mobility in the City of Ahmedabad through New Technological Innovations in Janmarg BRTS*"** નો નેશનલ એવોર્ડ તા. ૦૫-૧૨-૨૦૧૦ ના રોજ પણ મળેલ છે.

(૫) ***International award for design – "Daring Ambition Award and Knowledge and Research Award***" at the 59th Union Internationale des Transports Public award (UITP) World Congress in Dubai on 14th April, ૨૦૧૧ ના રોજ એવોર્ડ મળેલ છે.

(૬) ***"Award for Excellence" in the category of Best ITS Project*** નો **નેશનલ એવોર્ડ** ભારત સરકારના શહેરી વિકાસ મંત્રાલય તરફથી તા.૦૬.૧૨.૨૦૧૧ ના રોજ એનાયત કરવામાં આવેલ છે.

(૭) ***"Momentum For Change"*** નો **ઇન્ટરનેશનલ એવોર્ડ** યુનાઇટેડ નેશન્સ ***2012 Light House Activities – Urban Poor Pillar*** કેટેગરી અંતર્ગત ***Ahmedabad Bus Rapid Transit System Janmarg*** ને દોહા શહેર ખાતે તા.૦૫-૧૨-૨૦૧૨ ના રોજ એનાયત કરવામાં આવેલ છે.

(૮) તા. ૨૭-૦૫-૨૦૧૩ ના રોજ જીનીવા (સ્વીટ્ઝર્લેન્ડ) ખાતે યોજાયેલ ૬૦મી યુઆઇટીપી વર્લ્ડ કોંગ્રેસમાં અમદાવાદ જનમાર્ગ લી.ને **'UITP India Political Commitment Award'** આંતરરાષ્ટ્રીય એવોર્ડ એનાયત કરવામાં આવેલ છે.

(૯) ***National award "Markenomy – Best Urban Infra Mass Transport Project "– From Falcom Media at Mumbai 26th September, 2013*.**

(૧૦) અમદાવાદ જનમાર્ગ લી.ને હાઉસીગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ કોર્પોરેશન લી.(હુડકો) તરફથી અર્બન ટ્રાન્ટપોર્ટ કેટેગરી હેઠળ હુડકો એવોર્ડ તા.૨૭-૦૪-૨૦૧૫ ના રોજ ઇન્ડીયા હેબીટેટ સેન્ટ, ન્યુ દિલ્હી ખાતે મળેલ છે.

(11) International Award from UITP for Public Transport Strategy Award at Milan at June, 2015.

(12) Ahmedabad Janmarg Ltd received the national level award in the category of Best Intelligent Transport System for the project of Automatic Fare Collection System (AFCS) of ITMS by the Ministry of Urban Affairs, Government of India at Annual Urban Mobility India Conference in Nagpur in 2019.

અમદાવાદ શહેરમાં **Phase-I** અને **Phase-II** મળી **કુલ-૧૦૪** કિ.મી.માં બી.આર.ટી.એસ. સેવા જાહેર જનતા માટે ઉપલબ્ધ છે. BRTS બસ સેવા શૈક્ષણિક સંસ્થાઓ, ઔધોગિક વિસ્તારો, રેલ્વે સ્ટેશન, એસ.ટી. બસ સ્ટેશન જેવા ટ્રાફિક ધરાવતા વિસ્તારો આવરી લઇ હાલમાં ૧૦૪ કિ.મી. રૂટ ઉપર કુલ ૧૬૩ બસ સ્ટેશન તથા ૧૪ રૂટો પર કાર્યરત છે. સવારે ૬.૦૦ કલાકથી રાત્રીના ૧૧.૦૦ કલાક સુધી દર ૬ મિનિટે ચાલતી બસમાં દૈનિક ૧,૫૦,૦૦૦ જેટલા નગરજનો મુસાફરી કરી શહેરનો ટ્રાફિક, પ્રદૂષણ, અકસ્માત ઘટાડવામાં આડકતરી રીતે મદદરૂપ થાય છે.

- બીઆરટીએસના રૂટોની વિગત નીચે દર્શાવ્યા મુજબ છે.

૧. મણિનગર થી ઘુમા ગામ
૨. ભાડજ સર્કલ થી ઓઢવ રીગ રોડ
૩. આરટીઓ થી મણિનગર
૪. ઝુંડાલ સર્કલ થી એલ.ડી. એન્જી.કોલેજ
૫. વાસણા થી નરોડા ગામ
૬. નરોડા એસ.ટી. વર્કશોપ થી નારોલ
૭. ઝુંડાલ થી નારોલ
૮. ઇસ્કોન થી નરોડા ગામ
૯. આરટીઓ સરકયુલર
૧૦. આરટીઓ એન્ટી સરકયુલર
૧૧. આરટીઓ થી હાટકેશ્વર
૧૨. એલ.ડી. એન્જીનીયરીગ કોલેજ થી ઓઢવ રીગ રોડ
૧૩. ગોતા વસંતનગર ટાઉનશીપ થી મણિનગર
૧૪. આર.ટી.ઓ. સર્કલ થી ઇસ્કોન ક્રોસ રોડ


## બોર્ડ ઓફ ડિરેકટર્સ

| | ઓફિસ |
|---|---|
| **શ્રી મુકેશકુમાર** આઇ.એ.એસ.<br>ચેરમેનશ્રી | ૨૭૫૫૧૧૨૨ |
| **શ્રી કિરીટ પરમાર**<br>ડાયરેકટર | ૨૫૩૨૯૦૦૯ |
| **શ્રી હિતેષ બારોટ**<br>ડાયરેકટર | ૨૫૩૫૨૪૨૪ |
| **શ્રી વલ્લભભાઈ પટેલ**<br>ડાયરેકટર | ૨૫૩૯૧૮૮૧ |
| **વિરોધ પક્ષના નેતાશ્રી**<br>ડાયરેકટર | ૨૫૩૫૨૪૬૩ |
| **શ્રી એમ.એ. ચાવડા,** આઇ.પી.એસ<br>ડાયરેકટર | ૨૫૬૩૩૨૩૨ |
| **શ્રી આર્જવ શાહ**<br>એકઝીકયુટીવ ડાયરેકટર | ૨૫૩૯૧૮૪૪ |

## અમદાવાદ જનમાર્ગ લીમીટેડ

| અધિકારીઓના નામ | ઓફિસ | મોબાઈલ નંબર | રહેઠાણ |
|---|---|---|---|
| શ્રી વિશાલ ખનામા, જનરલ મેનેજર(ઓપરેશન) | ૨૭૫૬૦૦૯૯ | ૯૩૭૭૫૯૮૮૫૮ | - |
| શ્રી પ્રણવ બારોટ, ડે.જનરલ મેનેજર (ઓપરેશન) | ૨૭૫૫૧૮૬૧ (Ext.૨૧૬) | ૯૩૭૭૪૮૨૩૯૭ | - |
| શ્રી રાકેશ મીલિશીયા<br>ડે.જનરલ મેનેજર (એડમીન/ફાઇનાન્સ) | - | ૯૩૭૬૧૦૦૨૨૦ | - |
| શ્રી સારંગ મોદી, આસી.મેનેજર | -- | ૯૩૭૬૦૧૬૭૮૨ | - |

# અમદાવાદ જનમાર્ગ લી. નું વહીવટી માળખુ



## <u>વહીવટી શાખા</u>

**અમદાવાદ જનમાર્ગ લી. ની વહીવટી શાખામાં નીચે મુજબની કામગીરીનુ સંચાલન થાય છે.**
**તમામ કામકાજના દિવસોએ સવારે ૧૦.૩૦ થી ૬.૧૦ સુધી ઓફીસ ચાલુ રહે છે.**

અમદાવાદ જનમાર્ગ લી. વિભાગમાં ચેરમેનશ્રી તેમજ એક્ઝીક્યુટીવ ડાયરેક્ટરશ્રીની સીધી દેખરેખ હેઠળ જનરલ મેનેજરશ્રી ફરજ બજાવે છે અને જનરલ મેનેજરશ્રીના તાબા હેઠળ ડે.જનરલ મેનેજર (એડમીન એન્ડ ફાઇનાન્સ),ડે.જનરલ મેનેજર (ઓપરેશન) ફરજ બજાવે છે. ડે.જનરલ મેનેજર (એડમીન એન્ડ ફાઇનાન્સ) અને ડે.જનરલ મેનેજર (ઓપરેશન)શ્રીના તાબા હેઠળ આસી. મેનેજર્સ, સીની. કલાર્ક, જુની. કલાર્ક, જુ.કોમ્પ્યુટર ઓપરેટર તથા પટાવાળા ફરજ બજાવે છે.

બીઆરટીએસ શહેરના ગરીબ, મધ્યમ તેમજ આર્થિક રીતે સદ્ધર તમામ વર્ગો માટે મુસાફરી માટે ઉત્તમ માધ્યમ બની ગયેલ છે. પરિવહન સુરક્ષા માટે જનમાર્ગ નીચે મુજબની સુવિધાઓ સાથે ઉપલબ્ધ છે.

**(૧) અલાયદી બસ લાઇન અને રૂટ ડિઝાઇનઃ**

મુસાફરી સુરક્ષિત બનાવવા અને નિયત સ્થળે ઝડપી પહોંચવા માટે બી.આર.ટી.એસ. ના નિયમાનુસાર આ માર્ગ ઉપર અલાયદી બસ લાઇન બનાવેલ છે જેમાં માત્ર જાહેરપરિવહનની બસ દોડે છે. આ પ્રકારનાં સ્ટ્રક્ચર માટે મીક્ષ ટ્રાફિકની જગ્યા કપાઇ ન જાય તેવી રીતે આજુબાજુ ના દબાણ હટાવી તેમજ કાચો ભાગ પાકો બનાવી રોડ બનાવવામાં આવ્યો છે. સુરક્ષા હેતુસર પોલીસ કમિશ્નરશ્રીના આદેશ અનુસાર આ ડેડીકેટેડ રૂટમાં અન્ય કોઇ પણ વાહનનો પ્રવેશ ગુન્હો બને છે.

**(૨) બસઃ**

જનમાર્ગ (બી.આર.ટી.એસ.) બસમાં ૩૫ વ્યકિતઓ માટે બેઠક વ્યવસ્થા અને ૨૫ વ્યકિતઓ ઉભા રહી સફર કરી શકે છે. જનમાર્ગ (બી.આર.ટી.એસ.)ની બસ સેવાઓ સવારના ૬.૦૦ થી રાત્રિના ૧૧.૦૦ કલાક સુધી પુરી પાડવામાં આવે છે. બસની ફલોર હાઇટ પણ સ્ટેશનને સમાંતર રાખવામાં આવેલ છે. બસની ડિઝાઇન અને એન્જિન યુરો ૩ અને યુરો ૪ પ્રકારનું તથા બન્ને સાઇડ સેન્ટરમાં મોટા દરવાજા સરળતાપુર્વક આવનજાવન કરવા માટે આપવામાં આવેલા છે. આ ઉપરાંત બસની લંબાઇ પણ ૧૨ મીટર સાથેની ડિઝાઇન ખુબજ સુવિધાજનક હોઇ ભારતીય બસ કોડમાં પણ સમાવેશ પામેલ છે.

(૩) **બસ સંચાલનઃ**

મુસાફરીને સુરક્ષિત બનાવવાના હેતુથી જનમાર્ગના સિસ્ટમ ઓપરેટરને મેડિકલ ચેક-અપ, યોગા, સિમ્યુલેટર અને પ્રેક્ટિકલ ટ્રેનિંગથી નિષ્ણાંત બનાવવાની નિયમિત ટ્રેનિંગ આપવામાં આવે છે. આ સિસ્ટમ ઓપરેટરને નિયત સમય મર્યાદામાં બસ ને નિયત સ્થળે યોગ્ય રીતે પહોંચાડવા માટે તથા દરેક સ્ટેશન પર વ્યવસ્થિત રીતે ઉભી રાખવા માટે પણ વિશિષ્ટ ટ્રેનિંગ આપવામાં આવેલ છે.

**(૪) બસ શેલ્ટર:**

જનમાર્ગના બસ શેલ્ટર સુરક્ષિત અને સુવિધાજનક છે. બસ શેલ્ટરમાં બેસવા માટે જરૂરી વ્યવસ્થા કરેલ છે. સુરક્ષા માટે સીકયોરીટી ગાર્ડ હાજર રહે છે. આ ઉપરાંત પબ્લિક ઈન્ફર્મેશન સિસ્ટમ દ્વારા કેટલા સમયમાં બસ મળશે તે માટેની માહિતી લાઇવ એલ.ઇ.ડી. પર મળે છે. બસ શેલ્ટરમાં બસમાં જવા આવવા માટે ઓટોમેટેડ ડોરની તથા સ્માર્ટ કાર્ડ માટે ટર્નસ્ટાઇલ અને ફલેપ બેરિયરની વ્યવસ્થા પણ કરવામાં આવેલ છે. આ ઉપરાંત બસ શેલ્ટરની ડિઝાઇન પણ હવા ઉજાસવાળી અને આંતરરાષ્ટ્રીય કક્ષાની બનાવેલ છે. બસ શેલ્ટર થી બસમાં પેસેન્જરને ચડવા ઉતરાવની કોઇજ તકલીફ ન પડે તેનુ સંપૂર્ણ ધ્યાન રાખવામાં આવેલ છે.

**(૫) ઈન્ફર્મેશન ટેકનોલોજી સિસ્ટમ:**

સમગ્ર જનમાર્ગને જી.પી.એસ. સિસ્ટમ દ્વારા આવરી લેવામાં આવેલ છે. જેના લીધે સેન્ટ્રલ કન્ટ્રોલ સેન્ટર દ્વારા બસની સ્પીડ, બંચીગ, બ્રેક ડાઉન તથા ઇમરજન્સી જરૂરીયાતોનું નિયંત્રણ થઇ શકે છે. સિસ્ટમ ઓપરેટર નિયત ઝડપથી બસ ઓપરેટ કરી રહેલ છે કે નહિ તેનું નિયંત્રણ પણ કરવામાં આવે છે. દરેક બસમાં નિર્ધારિત સમયમાં આવનાર બસ શેલ્ટરની વોઇસ મેસેજ ત્રણ ભાષામાં અને એલ.ઇ.ડી. ડિસ્પ્લે મેસેજ થી જાણ કરવામાં આવે છે.

**(૬)સીસીટીવી કેમેરા:**

**તારીખ ૨૪-૦૬-૨૦૧૭ થી બીઆરટીએસના ૧૪૧ સ્ટેશનો પર ૬૦૪ સીસીટીવી કેમેરા ઇન્સ્ટોલ કરવામાં આવેલ છે. જેનું કંટ્રોલ સેન્ટર ખાતે સતત મોનીટરીંગ કરવામાં આવે છે. જેનાથી મુસાફરોની સુવિધા અને સુરક્ષામાં ઘણો જ વધારો થયો થયેલ છે. વધુમાં, સીસીટીવી કેમેરાઓનો પોલીસ ડીપાર્ટમેન્ટ દ્વારા પણ બહોળો ઉપયોગ કરવામાં આવે છે**

**(૭)નવી આઇટીએમએસ સર્વિસ પ્રોવાઇડર:**

અમદાવાદ જનમાર્ગ લી. દ્વારા એન કોડ સોલ્યુશન અને એનઇસી કંપની ને નવી આઇટીએમએસ સર્વિસ આપવા અંગેનો વર્કઓર્ડર આપેલ છે. જેઓ દ્વારા કુલ રૂા.૧૮૯ કરોડના ખર્ચે બીઆરટીએસ અને એએમટીએસને અદ્યતન આઇટીએમએસ સર્વિસ પુરી પાડશે. સદર પ્રોજેકટ અંતર્ગત તમામ બસો અને સ્ટેશનો પર સીસીટીવી કેમેરા, કોમન મોબીલીટી કાર્ડ, ક્યુઆર કોડ બેઇડઝ ટીકિટીગ, હાઇટેક કંટ્રોલ રૂમ અને સર્વેલન્સ વગેરેનો સમાવેશ થાય છે. તેઓ દ્વારા હાલમાં પાઇલોટ બતાવવાની કાર્યવાહી સામેલ છે.

**(૮)ઓપ્ટીકલ ફાયબર નેટવર્ક:**

અમદાવાદ જનમાર્ગ લી. દ્વારા સ્ટર્લાઇટ ટેકનોલોજીસને કુલ ૧૭૨ કિમી માં ઓપ્ટીકલ ફાયબર નેટવર્ક નાખવાનો વર્ક ઓર્ડર આપવામાં આવેલ છે. જેથી તમામ બીઆરટીએસ નેટવર્ક, એએમટીએસ ટર્મિનલ, એએમસીની તમામ ઝોનલ અને મુખ્ય ઓફિસ, એએમસી કંટ્રોલ રૂમ, પોલીસ કંટ્રોલ રૂમ વગેરેનો સમાવેશ કરવામાં આવેલ છે. સદર નેટવર્ક થી તમામ એએમસીની સર્વિસીસને એક કોમ્યુનિકેશન નેટવર્ક થી જોડી શકાશે

**(૯) સ્માર્ટ કાર્ડ તથા ટિકિટ સિસ્ટમ:**

**અમદાવાદ જનમાર્ગ લી. દ્વારા ચાર પ્રકારના NPCI માન્ય ICICI જનમિત્ર સ્માર્ટકાર્ડ તા. ૧૬-૧૦-૨૦૧૭થી શરૂ કરવામાં** આવેલ છે.

(૧) જનમાર્ગ કાર્ડ જે નિયમિત મુસાફરી કરતા મુસાફરો માટે જેમાં ૧૦% બોનસ આપવામાં આવે છે.

(૨) સ્ટુડન્ટ સ્માર્ટકાર્ડ જેમાં વિધાર્થીઓને ૪૦% ડિસ્કાઉન્ટ આપવામાં આવે છે.

(૩) શારીરીક વિકલાંગતા ધરાવતા નાગરીકોના સ્માર્ટકાર્ડમાં ૪૦% ડિસ્કાઉન્ટ આપવામાં આવે છે.

(૪) દિવ્યાંગ વ્યકિતને જનમાર્ગ સ્પેશીયલ કાર્ડ વડે ફ્રી મુસાફરીનો લાભ આપવામાં આવે છે.

(૫) સ્વાતંત્ર્ય સેનાનીને જનમાર્ગ ના ફ્રીડમફાઇટના સ્પેશીયલ કાર્ડ વડે ફ્રી મુસાફરીનો લાભ આપવામાં આવે છે.

(૬) તમામ મ્યુનિસિપિલ કાઉન્સીલરશ્રીઓને બીઆરટીએસના ફ્રી પાસ આપવામાં આવેલ છે.

(૧૦) **તમામ જનતા માટે આવકારઃ**

જનમાર્ગની બસમાં હેન્ડીકેપ્ડ પોતાની વ્હીલચેર સાથે સરળતાથી પ્રવેશ અને મુસાફરી કરી શકે છે. અંધજન પણ કોઈની સહાય વગર ટ્રેક લીનીયર અને ટ્રેક બટન ટાઇલ્સ વડે પોતાના માર્ગ સુધી અને સ્ટેશન સુધી પહોંચી શકે છે. બાળકો અને વૃધ્ધો શેલ્ટરમાંથી બસમાં સરળતાથી પ્રવેશ કરી શકે છે.

બીઆરટીએસ બસ સેવા શૈક્ષણિક સંસ્થાઓ, ઔધોગિક વિસ્તારો, રેલ્વે સ્ટેશન જેવા ભારે ટ્રાફીક ધરાવતા વિસ્તારો આવરી લઇ **હાલમાં ૧૦૪ કિ.મી. રૂટ ઉપર કુલ ૧૬૩ બસો સ્ટેશન તથા ૧૪ રૂટો પર કાર્યરત છે.** હાલમાં સમગ્ર રૂટ ઉપર પીપીપી ધોરણે **૨૫૫ (૨૩૯ એસી) બસો** કાર્યરત છે. જેમાં દૈનિક **૧,૫૦,૦૦૦** જેટલા નગરજનો મુસાફરી કરી શહેરનો ટ્રાફીક, પ્રદૂષણ, અકસ્માત ઘટાડવા આડકતરી રીતે મદદરૂપ થાય છે. આંતરરાષ્ટ્રીય કક્ષાની બસ, બસ સ્ટેન્ડ, પેસેન્જર ઇન્ફોર્મેશન સિસ્ટમ, ઓટોમેટીક વ્હીકલ લોકેશન સિસ્ટમ જેવી આધુનિક સગવડો દ્વારા મુસાફરોને પોષાય તેવા મિનિમમ ભાડા ફકત **રૂા.૪/-** જેવા નજીવા ટીકીટ દર હોવા છતાં જનમાર્ગ દ્વારા **દૈનિક અંદાજીત રૂા.૧૮.૫૦ લાખ જેટલી આવક થાય છે. આમ,** બીઆરટીએસ શહેરના ગરીબ, મધ્યમ તેમજ આર્થિક રીતે સદ્ધર તમામ વર્ગો માટે મુસાફરી માટે ઉત્તમ માધ્યમ બની ગયેલ છે.

# અમદાવાદ જનમાર્ગ લી.

## ૨. અધિકારીઓ અને કર્મચારીઓની સત્તાઓ અને ફરજોઃ-

- અમદાવાદ જનમાર્ગ લી. દ્વારા બીઆરટીએસ રૂટ ઉપર મુકવામાં આવેલ બસોના શીડ્યુઅલ નક્કી કરવાની કામગીરી, જુદા જુદા રૂટના ભાડા નક્કી કરવાની કામગીરી કરવામાં આવે છે.

- મહે.ચેરમેનશ્રી, એક્ઝીક્યુટીવ ડાયરેકટરશ્રી તથા જનરલ મેનેજરશ્રી દ્વારા આપવામાં આવતી મંજુરીના ઠરાવ પાડવાની કામગીરી કરવામાં આવે છે.

- મહે. ચેરમેનશ્રી, એક્ઝીક્યુટવી ડાયરેક્ટરશ્રી, જનરલ મેનેજરશ્રી તથા ડે.જનરલ મેનેજર (એડમીન એન્ડ ફાઈનાન્સ) અને શ્રીડે.જનરલ મેનેજર (ઓપરેશન)શ્રીને સંબોધીને આવતા પત્રો, ફાઈલો ઈનવર્ડ તથા આઉટવર્ડની કામગીરી અમદાવાદ જનમાર્ગ લી. ની વહીવટી ઓફિસેથી કરવામાં આવે છે.

- અમદાવાદ જનમાર્ગ લી. ખાતામાં ઈમ્પ્રેશ કેશ ચુકવવાની કામગીરી કરવામાં આવે છે.

- જાહેર માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ હેઠળ વહીવટી શાખા ખાતે આવતી અરજી / અપીલ તેમજ જનરલ મેનેજરશ્રી ને અમદાવાદ જનમાર્ગ લી. ખાતાની ત્રિમાસીક માહિતી સંકલન માટે મોકલવામાં આવે છે.

- બસ પ્રોક્યુરમેન્ટ એન્ડ ઓપરેશનલ અંગેની કામગીરી, તમામ બસ સ્ટેન્ડનું એન્જીનીયરીગ વર્ક, બીઆરટીએસ રૂટ ઉપર ફરજ બજાવતા સીક્યુરીટી ગાર્ડ તેમજ પ્લાન્ટેશનની કામગીરી, બીઆરટીએસ રૂટ ઉપર લગાવવામાં આવેલ રેલીંગો, બીઆરટીએસ રૂટ તેમજ સ્ટેશન ઉપરની તમામ પ્રકારની સફાઇ કામગીરી, પે એન્ડ પાર્ક, આઈ.ટી.એમ.એસ.ને લગતી કામગીરી, બસ સ્ટેશન અને રૂટનું ઈલેકટ્રીકલ વર્ક, બીઆરટીએસ બસોનો ઓટોમેટીક ડોરને લગતી કામગીરી કરાવવામાં આવે છે.

- અમદાવાદ જનમાર્ગ લી. દ્વારા બસોની ખરીદી કરવા અંગેના, પે એન્ડ પાર્ક, હાઉસ કીપીંગ, એડવર્ટાઈસમેન્ટને લગતી કામગીરી માટે કરવા ટેન્ડર, ઓફર પ્રસિધ્ધ કરવાની કામગીરી કરવામાં આવે છે. કોન્ટ્રાકટર દ્વારા ટેન્ડર સમયે લેવામાં આવતી ટેન્ડર ફી, અર્નેસ્ટમનીની રકમ લેવાની તથા કામ પૂર્ણ થયેથી અર્નેસ્ટમનીની રકમ પરત આપવાની કામગીરી કરવામાં આવે છે.

- અમદાવાદ જનમાર્ગી લી. દ્વારા જુદી જુદી સંસ્થાઓને આપેલ વર્ક ઓર્ડર મુજબ તેઓએ કરેલ કામગીરી માટેના બીલો બનાવીને સક્ષમ સત્તાની મંજુરી મેળવીને પેમેન્ટ કરવાની કામગીરી કરવામાં આવે છે.

## ૩. નિર્ણય લેવાની પ્રક્રિયામાં અનુસરવાની કાર્ય પધ્ધતિ

- વહીવટી દરખાસ્ત અંગે નિર્ણય લેવા માટે અસ્તિત્વમાં પાવર ડેલીગેશનના અમલામાં રહેલા નિયમો અંતર્ગત જરૂરી નિર્ણય લેવા માટે સંબધીત જુનીયર/સીનીયર કલાર્ક દ્વારા નોંધ હેડકલાર્ક/આસી.મેનેજર તરફથી ડે.જનરલ મેનેજર(ઓપરેશન્સ) અથવા ડે.જનરલ મેનેજર(એડમીન એન્ડ ફાઈનાન્સ) તરફથી જનરલ મેનેજર છેવટે વિભાગના એકઝીકયુટીવ ડાયરેકટરશ્રી મારફતે ચેરમેનશ્રી તરફ નિર્ણય માટે અભિપ્રાય સહ નોંધ મુકે છે અને ચેરમેનશ્રી દ્વારા બોર્ડ ઓફ ડાયરેકટર્સ દ્વારા જરૂરી નિર્ણય ઠરાવવામાં આવે છે. જેનો અમલ કરવામાં આવે છે.

## (૪) અને (૫) કાર્યો બજાવવા નકકી કરેલા ધોરણો તથા કાર્યો બજાવવા માટેના નિયમો, વિનિયમો, સુચનાઓ, સંગ્રહો અને રેકર્ડ :

- ભારતીય કંપની એકટ-૧૯૫૬ અને વખવતો વખત સુધારાઓ
- કંપનીનું મેમોરેન્ડ ઓફ આર્ટીક્લ એન્ડ એસોસીએશન
- બોર્ડ ઓફ ડિરેકટર્સ મીટીંગમાં લેવાયેલા ઠરાવો/નિર્ણયો
- આ ઉપરાંત અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ઠરાવવામાં આવતા નિયમો, સરકયલર, ઓફિસ ઓર્ડર મુજબ કામગીરી કરવાની રહે છે.
- જનરલ મેનેજરશ્રી, એકઝીકયુટીવ ડાયરેકટરશ્રી, ચેરમેનશ્રીને મળેલ પાવર ડેલીગેશન અને સત્તા મુજબ કામગીરી કરવાની રહે છે.
- વહીવટી તથા કાયદાકીય બાબતોમાં જરૂર પડે ત્યારે એકાઉન્ટ ખાતા તથા લીગલ ખાતાનો અભિપ્રાય મેળવવાનો રહે છે.

## ૬. સંગઠનના નિયંત્રણ હેઠળની વ્યકિતઓ પાસેના દસ્તાવેજોના વર્ગોનું પત્રક

- કંપની સ્થાપનાના દસ્તાવેજો
- બોર્ડ મીટીગ્સની ફાઈલો
- રીક્રુટમેન્ટની ફાઈલો
- ટેન્ડર અને અન્ય મંજુરીઓની ફાઈલો
- બિલો અને મંજુરીઓ
- એસેટ રજીસ્ટર
- કન્ટીજન્સી રજીસ્ટર
- ડેડ સ્ટોક રજીસ્ટર
- આ ઉપરાંત ટેલી સોફટવેર આધારીત આવક/ખર્ચ, બેલેન્સશીટ વગેરે ડિજીટલ રેકર્ડ

## ૭. નીતિ ઘડતર અથવા નીતિના અમલ સંબંધમાં જનતાના સભ્યો સાથે પરામર્શ

સામાન્ય રીતે જનતા/નાગરીકો/પેસેન્જરની કોઇ ફરીયાદ હોય તો તેઓ મૌખિક અથવા લેખિત રજુઆત નીચેના માધ્યમો દ્વારા કરી શકે છે. તેમજ અધિકારીશ્રીઓ દ્વારા ફરીયાદનો નિકાલ બંને પક્ષોની રજુઆતને ધ્યાનમાં લઈને કરે છે.

- બીઆરટીએસના બસ સ્ટેશનો ઉપર ફરીયાદ/કંપલેન બુક
- ઈમેલ/વ્હોટસઅપ
- ટોલ ફ્રી ટેલીફોન નંબર
- આ ઉપરાંત ચૂંટાયેલી પાંખના પ્રતિનિધીઓ દ્વારા પણ પ્રજા તરફથી કોઇ તકલીફ હોય તો ઉચ્ચ અધિકારીશ્રીને રજુઆત કરતા તેમની ફરીયાદનો યોગ્ય રીતે નિકાલ કરવામાં આવે છે.

## ૮. વ્યવસ્થાના ભાગ તરીકે અથવા સલાહના હેતુ માટે બે કે તેથી વધુ વ્યકિતઓના બનેલા બોર્ડ કે સમિતિની નોંધ બાબત

- કંપની એકટ મુજબ દર ત્રણ માસે મળતી બોર્ડ ઓફ ડિરેકટર્સની મીટીંગમાં નીતિ વિષયક નિર્ણયો લેવામાંઆવે છે.
- ઉપરોકત મીટીગ બોર્ડ સભ્ય જ ભાગ લઇ શકે છે.

# અમદાવાદ જનમાર્ગ લી.

## ૯ અને ૧૦ અધિકારી અને કર્મચારીઓની માહિતી પુસ્તીકા અને તેમને વિનયોમાં જોગવાઈ

### કર્યા પ્રમાણે મળતું માસિક વળતર

| અ.નં. | અધિકારીશ્રી/કર્મચારીનું નામ | હોદ્દો | એમ્પલોઈ નંબર | પગાર ધોરણ |
|---|---|---|---|---|
| ૧. | શ્રી આર્જવ શાહ | એક્ઝીક્યુટીવ ડાયરેક્ટરશ્રી | ૧૮૭ | ૧૧૮૫૦૦-૨૧૪૧૦૦ |
| ૨. | શ્રી વિશાલ ખનામા | જનરલ મેનેજર (ઓપરેશન્સ) | ૧૬૬ | ૭૮૮૦૦-૨૦૯૨૦૦ |
| ૩. | શ્રી પ્રણવ બારોટ | ડે.જનરલ મેનેજર (ઓપરેશન) | ૭૦૦૩૩ | ૬૭૭૦૦-૨૦૮૭૦૦ |
| ૪. | શ્રી રાકેશ મીલિશીયા | ડે.જનરલ મેનેજર (એ એન્ડ એફ) | ૭૦૦૨૫ | ૬૭૭૦૦-૨૦૮૭૦૦ |
| ૫. | શ્રી સારંગ મોદી | આસી.મેનેજર | ૪૦૮૮૩ | ૫૩૧૦૦-૧૬૭૮૦૦ |
| ૬. | શ્રી યોગેશ મલ્હોત્રા | એ.સી.ઇ. | ૯૮૪૬ | ૫૩૧૦૦-૧૬૭૮૦૦ |
| ૭. | શ્રી ચિરાગ નાયી | એ.ઇ. | ૭૩૨૬૧ | ૪૪૯૦૦-૧૪૨૪૦૦ |
| ૮. | શ્રી મેહુલ પરમાર | ટેકનીકલ સુપરવાઈઝર | ૪૨૭૩૦ | ૨૯૨૦૦-૯૨૩૦૦ |
| ૯. | શ્રી અમૃત દરજી | ટેકનીકલ સુપરવાઈઝર | ૪૫૮૩૩ | ૨૯૨૦૦-૯૨૩૦૦ |
| ૧૦. | શ્રી સુનિલ પટેલ | એસ્ટેટ/ટીડીઓ ઈન્સ્પેકટર | ૯૯૨૧ | ૪૪૯૦૦-૧૪૨૪૦૦ |
| ૧૧. | શ્રી સંજય છૈયા | હેડ કલાર્ક | ૭૩૩૩૫ | ૩૫૪૦૦-૧૧૨૪૦૦ |
| ૧૨. | શ્રી કવિતાબેન મહેતા | સી. કલાર્ક | ૯૪૫૩ | ૩૫૪૦૦-૧૧૨૪૦૦ |
| ૧૩. | શ્રી નરેશ એમ. પરમાર | જુ. કલાર્ક | ૭૨૫૮૨ | ૨૫૫૦૦-૮૧૧૦૦ |
| ૧૪. | શ્રી ગીરીશ કે. સોલંકી | જુ.કો. ઓપરેટર | ૭૨૬૨૩ | ૨૫૫૦૦-૮૧૧૦૦ |
| ૧૫. | શ્રી ભાવિન પટેલ | સ.જુ.કલાર્ક | ૪૭૧૨૩ | ૧૯૯૦૦-૬૩૨૦૦ |
| ૧૬. | શ્રી અમૃત ચૌધરી | સેકશન ઓફીસર | ૭૨૩૩૨ | ૩૯૯૦૦-૧૨૬૬૦૦ |
| ૧૭. | શ્રી હિતેશ લીંબાચીયા | એસ.એસ.આઇ. | ૭૩૧૫૦ | ૨૫૫૦૦-૮૧૧૦૦ |
| ૧૮. | શ્રી મહેશ મીશ્રા | એસ.એસ.આઇ. | ૪૧૨૦૨ | ૨૫૫૦૦-૮૧૧૦૦ |
| ૧૯. | શ્રી આલાભાઈ પરમાર | મજુર | ૬૧૬૮૧ | ૧૯૯૦૦-૬૩૨૦૦ |
| ૨૦. | શ્રી ધનાભાઈ ગળીયલ | મજુર | ૫૮૬૫૫ | ૧૯૯૦૦-૬૩૨૦૦ |
| ૨૧. | શ્રી ઉમંગ પટેલ | ડે.જનરલ મેનેજર(આઇટી) | કોન્ટ્રાકટથી | ૪૯૩૦૦ |
| ૨૨. | શ્રી ધવલ શાહ | આસી.મેનેજર (ડેપો) | કોન્ટ્રાકટથી | ૫૧૨૦૫ |
| ૨૩. | શ્રી મિતેષ શ્રીમાળી | આસી.મેનેજર (ઇલે.) | કોન્ટ્રાકટથી | ૩૨૪૭૦ |
| ૨૪. | શ્રી મિતેન રાઠોડ | આસી.મેનેજર (આઇટી) | કોન્ટ્રાકટથી | ૫૧૨૦૫ |
| ૨૫. | શ્રી કૃપેશ પટેલ | આસી.મેનેજર (ઓપરેશન) | કોન્ટ્રાકટથી | ૪૭૭૧૬ |
| ૨૬. | શ્રી દિગ્વિજયસિંહ ચાવડા | સેકશન ઓફિસર (ગાર્ડન) | કોન્ટ્રાકટથી | ૩૨૭૦૦ |
| ૨૭. | શ્રી ભંવરસીંઘ | સીકયુરીટી ઓફીસર | કોન્ટ્રાકટથી | ૩૦૦૫૬ |

| | | | | |
|---|---|---|---|---|
| ૨૮. | શ્રી ચંદ્કાન્તા કટરાલે | સીકયુરીટી ઓફીસર | કોન્ટ્રાકટથી | ૩૦૦૫૬ |
| ૨૯. | શ્રી હેમરાજ યાદવ | સીકયુરીટી ઓફીસર | કોન્ટ્રાકટથી | ૩૦૦૫૬ |
| ૩૦. | શ્રી દિલબાગસીઘ | સીકયુરીટી ઓફીસર | કોન્ટ્રાકટથી | ૩૦૦૫૬ |
| ૩૧. | શ્રી સોહીલ રાઠોડ | સુપરવાઇઝર | કોન્ટ્રાકટથી | ૧૭૯૯૩ |
| ૩૨. | શ્રી પ્રતિક વૈધ | ફિલ્ડ ઓફીસર | કોન્ટ્રાકટથી | ૧૭૯૯૩ |
| ૩૩. | શ્રી હરેશકુમાર પરમાર | ફિલ્ડ ઓફીસર | કોન્ટ્રાકટથી | ૧૬૪૧૬ |
| ૩૪. | શ્રી કૃણાલ ભટ્ટ | ફિલ્ડ ઓફીસર | કોન્ટ્રાકટથી | ૧૩૫૬૩ |
| ૩૫. | શ્રી અશીત પરમાર | ફિલ્ડ સુપરવાઇઝર | કોન્ટ્રાકટથી | ૧૦૬૫૭ |
| ૩૬. | શ્રી સ્નેહા ભટ્ટ | ફિલ્ડ સુપરવાઇઝર | કોન્ટ્રાકટથી | ૧૦૬૫૭ |
| ૩૭. | શ્રી રીકલ ચૌધરી | ફિલ્ડ સુપરવાઇઝર | કોન્ટ્રાકટથી | ૧૦૬૫૭ |
| ૩૮. | શ્રી પૂનમ રજપુત | ફિલ્ડ સુપરવાઇઝર | કોન્ટ્રાકટથી | ૧૦૬૫૭ |
| ૩૯. | શ્રી હિમેશ ખારવા | ફિલ્ડ સુપરવાઇઝર | કોન્ટ્રાકટથી | ૧૦૬૫૭ |
| ૪૦. | શ્રી હાર્દિક દરજી | ફિલ્ડ સુપરવાઇઝર | કોન્ટ્રાકટથી | ૧૦૬૫૭ |
| ૪૧. | શ્રી હિરેન ગંધારવા | ફિલ્ડ સુપરવાઇઝર | કોન્ટ્રાકટથી | ૧૦૬૫૭ |
| ૪૨. | શ્રી અવિનાન ચૌટલીયા | ફિલ્ડ સુપરવાઇઝર | કોન્ટ્રાકટથી | ૧૦૬૫૭ |
| ૪૩. | શ્રી લલિત પરમાર | ફિલ્ડ સુપરવાઇઝર | કોન્ટ્રાકટથી | ૧૦૬૫૭ |
| ૪૪. | શ્રી રજનીકાંત મકવાણા | ફિલ્ડ સુપરવાઇઝર | કોન્ટ્રાકટથી | ૧૦૬૫૭ |

# અમદાવાદ જનમાર્ગ લી.

## ૧૧. વ્યવસ્થાતંત્રને ફાળવેલ અંદાજપત્ર

- અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા દર વર્ષે ગ્રાન્ટ/લોન ફાળવવામાં આવે છે. ચાલુ વર્ષેઃ ૨૦૨૦-૨૧ માં અમદાવાદ જનમાર્ગ લી.ને રૂા.૬૩.૦૦ કરોડ બજેટમાં ફાળવવામાં આવેલ છે.

## ૧૨ અને ૧૩. આર્થિક સહાય બાબત છુટછાટો, પરવાનગીઓની વિગતો

(૧)જનમાર્ગ કાર્ડ જે નિયમિત મુસાફરી કરતા મુસાફરો માટે જેમાં ૧૦% બોનસ આપવામાં આવે છે.

(૨) સ્ટુડન્ટ સ્માર્ટકાર્ડ જેમાં વિધાર્થીઓને ૪૦% ડિસ્કાઉન્ટ આપવામાં આવે છે.

(૩) શારીરીક વિકલાંગતા ધરાવતા નાગરીકોના સ્માર્ટકાર્ડમાં ૪૦% ડિસ્કાઉન્ટ આપવામાં આવે છે.

(૪) દિવ્યાંગ વ્યકિતને જનમાર્ગ સ્પેશીયલ કાર્ડ વડે ફ્રી મુસાફરીનો લાભ આપવામાં આવે છે.

(૫) સ્વાતંત્ર્ય સેનાનીને જનમાર્ગ ના ફ્રીડમફાઇટના સ્પેશીયલ કાર્ડ વડે ફ્રી મુસાફરીનો લાભ આપવામાં આવે છે.

(૬) તમામ મ્યુનિસિપિલ કાઉન્સીલરશ્રીઓને બીઆરટીએસના ફ્રી પાસ આપવામાં આવેલ છે.

જનમાર્ગની બસમાં હેન્ડીકેપ વ્યકિત પોતાની વ્હીલચેર સાથે સરળતાથી પ્રવેશ અને મુસાફરી કરી શકે છે. અંધજન પણ કોઇની સહાય વગર ટ્રેક લીનીયર અને ટ્રેક બટન ટાઇલ્સ વડે પોતાના માર્ગ સુધી અને સ્ટેશન સુધી પહોંચી શકે છે. બાળકો અને વૃધ્ધો શેલ્ટરમાંથી બસમાં સરળતાથી પ્રવેશ કરી શકે છે.

## ૧૪ અને ૧૫. ઈલેકટ્રોનિક સ્વરૂપે માહિતી, ગ્રંથાલય, વાંચનાલય

- ઉપરોકત તમામ માહિતી નીચે જણાવેલ વેબસાઈટ ઉપર ઉપલબ્ધ છે અને તે ડાઉનલોડ કરી શકાશે તથા પ્રીન્ટ પણ મેળવી શકાય છે.

  ahmedabadcity.gov.in

  ahmedabadbrts.org

- અમદાવાદ જનમાર્ગ લી.માં વાંચનાલય, ગ્રંથાલયની સગવડ પ્રજા માટે ઉપલબ્ધ નથી.

# અમદાવાદ જનમાર્ગ લી.

## ➤ ૧૬.અપીલ અધિકારી / જાહેર માહીતી અધિકારીશ્રીની વિગતો

| અ. નં | નામ / હોદ્દો | | ઈમેઈલ | સરનામુ |
|---|---|---|---|---|
| ૧ | શ્રી વિશાલ ખનામા જનરલ મેનેજર (ઓપરેશન્સ) | અપીલ અધિકારી | Janmarg.ajl@gmail.com | ફર્સ્ટ ફ્લોર, પશ્ચિમઝોન કચેરી, ડૉ.રમણભાઈ પટેલ ભવન, ઉસ્માનપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩. |
| ૨ | શ્રી પ્રણવ બારોટ ડે.જનરલ મેનેજર (ઓપરેશન) | જાહેર માહિતી અધિકારી | Janmarg.ajl@gmail.com | પશ્ચિમઝોન કચેરી, ડૉ.રમણભાઈ પટેલ ભવન, ઉસ્માનપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩. |

## ૧૭.માહિતી મેળવવા માટે નાગરિકોને ઉપલબ્ધ સવલતોની વિગતો

- મહત્વની નિતીઓ ઘડતી વખતે તમામ વ્યકિતને અસર કરતા નિર્ણયો કરતી વખતે સંબંધિત તમામ હકીકતો બોર્ડ મીટીંગમાં આગળ નિર્ણય લઇ અને અખબારમાં પ્રસિધ્ધ કરવામાં આવે છે.

## અમદાવાદ જનમાર્ગ લી.

# પ્રમાણપત્ર

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે, તા.૦૧-૦૫-૨૦૨૦ દરમ્યાન મારા વહીવટી કાર્યક્ષેત્ર હેઠળની આ સાથેની યાદી મુજબના જાહેર સત્તામંડળો દ્વારા માહિતી અધિકાર અધિનિયમની કલમ: ૪ અંતર્ગત સ્વયં જાહેર કરવાની બાબતો ''પ્રોએકટીવ ડીસ્કલોઝર'' (PAD) તૈયાર કરવામાં આવી છે. તેનું અમારા દ્વારા ઈન્સપેકશન-કમ-ઓડીટ કરવામાં આવ્યું છે અને જે બાબતે ક્ષતિ જણાઈ હતી અગર તો અપૂરતી વિગતો જણાઈ હતી તેની પૂર્તતા કરાવવામાં આવી છે.

ડે. જનરલ મેનેજર (ઓપરેશન્સ)

તારીખ : ૦૯-૦૭-૨૦૨૧
મુખ્ય મથક : અમદાવાદ.